# 11

## સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા

* **15/4/2142 શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ** (બાપુનગર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા અંગદાતા નોંધાયા,

(૨) ઉક્ત દાતાઓમાંથી કેટલા અને કયા કયા અંગો દાનમાં મળેલ છે, અને

(૩) ઓર્ગન ડોનેશન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકાર દ્વારા શા પગલાઓ ભરવામાં આવે છે?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના અંગદાતા નોંધાયેલ છે :–

| વર્ષ | અંગદાતાઓ |
|---|---|
| ૨૦૨૨ | ૭૦ |
| ૨૦૨૩ | ૪૨ |

(૨) ઉક્ત દાતાઓમાંથી નીચે મુજબના અંગો દાનમાં મળેલ છે:–

| અંગો | સંખ્યા |
|---|---|
| લીવર | ૯૪ |
| કિડની | ૧૯૯ |
| આંખો | ૦૮ |
| સ્વાદુપિંડ | ૦૪ |
| હૃદય | ૩૪ |
| હાથ | ૦૪ |
| ફેફસાં | ૧૪ |
| નાનું આંતરડું | ૦૨ |
| **કુલ સંખ્યા** | **૩૫૯** |

(૩)
- રાજ્યમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ આપવા સરકાર દ્વારા ફંડ સ્વરૂપ રૂ.૨૦૦ લાખની SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઈઝેશન) ને જોગવાઈ કરવામાં આવેલ છે.
- સરકાર દ્વારા રાજ્યની હોસ્પિટલો ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિમાં જોડાય અને વધુમાં વધુ પ્રમાણમાં ઓર્ગન ડોનેશન થાય તે હેતુથી ઓર્ગન ડોનેશન કરાવતી હોસ્પિટલને પ્રત્યેક કેસ માટે રૂ.૫૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.
- અંગદાતા પાસેથી અંગો પ્રાપ્ત કર્યા બાદ અંગો અને પેશીઓની ગુણવત્તા જળવાઈ રહે અને ઝડપથી અંગ પ્રાપ્ત કરતા દર્દીઓમાં પ્રત્યારોપણ કરી શકાય તે હેતુથી સરકાર દ્વારા સ્થાનિક પોલીસ કચેરીની મદદથી રાજ્યના કોઈ પણ શહેરમાં અંગદાન કરાવતી હોસ્પિટલથી અંગ પ્રાપ્ત કરતી હોસ્પિટલ સુધી ગ્રીન કોરીડોરની સુવિધા પુરી પાડવામાં આવે છે.

- અંગોની ફાળવણીમાં પારદર્શિતા જળવાઇ રહે તેથી સરકાર દ્વારા G-DOT માર્ગદર્શિકાના નિયમોનુસાર National Informatics Centre (NIC) ગુજરાત અને NIC તેલંગણાના સહયોગથી SOTTO ગુજરાતનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. સોફ્ટવેરની મદદથી દાનમાં મળેલ અંગોની ફાળવણી રોગોની ગંભીરતા અનુસાર કરવામાં આવે છે અને દર્દીઓની નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લીધા વિના અંગોની ફાળવણી શ્રેષ્ઠ મેચિંગને આધારે કરવામાં આવે છે.
- સરકાર દ્વારા સમાજમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી અંગદાતાના પરિવારજનોના સન્માનના કાર્યક્રમો કરી સમાજમાં ઓર્ગન ડોનેશન કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે.

------------------